**સુરત મહાનગરપાલિકાની તા.૨૨–૧૧–૨૦૧૩ ના રોજ મળેલ**

**માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–**

* * * * * * *

સ્થાયી સમિતિ ઠરાવ નં.૨૨૯૬/૨૦૧૩ થી, ન્યુ નોર્થ ઝોન ખાતે ૨૪ × ૭ ના ધોરણે (મોટા વરાછા, ઉત્રાણ, અમરોલી, કોસાડ, છાપરાભાઠા, વરીયાવ વિગેરે) પાણી પુરવઠાના તમામ નળ જોડણો મીટરના દરથી આપવા અંગેની નીચે મુજબની નવી નીતિ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવેલ તેને બહાલી આપવામાં આવે છે.

(૧) નળ જોડાણનું ફોર્મ અલગ ધોરણે છપાવવું. (ફાઈલના પાના નં.૧ પર સામેલ નમૂના મુજબ).

(૨) નળ જોડાણનું ફોર્મ આ વિસ્તારમાં વિના મૂલ્યે સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ, તમામ ઝોન કચેરી તથા સીવીક સેન્ટર તેમજ ૨૪×૭ ના અધિકૃત સર્વિસ પ્રોવાઈડરની મુખ્ય ઓફિસ તથા તેની અન્ય શાખાઓ ઉપરથી મેળવી શકાશે. આ ફોર્મ મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી પણ મેળવી શકાશે તેમજ ફોર્મની ઝેરોક્ષ કોપી પણ માન્ય રાખવાની રહેશે.

(૩) ઉપર મુજબના ફોર્મમાં જરૂરી વિગતો અરજદાર તરફથી ભરી અરજદારે મિલકતના માલિક હોવાનો પુરાવો એસેસમેન્ટ અને રીકવરી વિભાગમાંથી મ્યુનિસિપલ ટેક્ષ પાછલા પુર્ણ થયેલ નાણાંકીય વર્ષ/પ્રવર્તમાન વર્ષના ભરેલાની રસીદ ફોર્મ સાથે રજુ કરવાની રહેશે. આ રસીદની ચકાસણી કરવાની રહેશે. જો ખોટી જણાય તો મહાનગરપાલિકામાં એસેસમેન્ટ અને રીકવરી ખાતાનાં પ્રમાણપત્રની જરૂર રહેતી નથી. આવા ભરાયેલા ફોર્મ્સ આ કામના ૨૪×૭ ના અધિકૃત સર્વિસ પ્રોવાઈડરની ઓફિસ/પેટા ઓફિસ ખાતે જમા કરાવવાના રહેશે.

(૪) પરત આવેલા ફોર્મ્સ આ કામના ઈજારદારે મહાનગરપાલિકાએ માન્ય કરેલ લાયસન્સ પ્લમ્બરની ખરાપણા અંગેની સહી કરાવવામાં આવશે અને ૨૪×૭ ના અધિકૃત સર્વિસ પ્રોવાઈડરના પ્રતિનિધિઓ તથા લાયસન્સ પ્લમ્બર મારફતે સ્થળની ચકાસણી કરવામાં આવશે. જેમાં મેલાં પાણીના નિકાલનું સાધન યોગ્ય છે કે કેમ? તેમજ અન્ય વિગતોનું પણ સર્વે કરવામાં આવશે. (સર્વેની વિગતના ફોર્મ પરિશિષ્ટ–૧ અને ૨ ફાઈલના પાના નં.૩ થી ૫ મુજબ) આ સર્વે દરમ્યાન મ્યુનિસિપલ મેઈન લાઈનથી મિલકતની હદ સુધી કેટલાં મીટર પાઈપનો ઉપયોગ થશે, મ્યુનિસિપલ મેઈન લાઈનથી સાઈઝ, રસ્તાનો પ્રકાર, તેની લંબાઈ વગેરે માહિતી પણ એકત્રિત કરી લેવામાં આવશે. જેની સંપુર્ણ વિગતની નોંધ રાખવામાં આવશે.

(૫) ફોર્મની ચકાસણી કરી ઉપરોકત ક્રમ નં.૪ મુજબ સર્વે કર્યા મુજબ મ્યુનિસિપલ મેઈન લાઈનથી ઘરની હદ સુધીના નળ જોડાણ આપવાના ખર્ચનો ૨૪×૭ ના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર ધ્વારા અંદાજ તૈયાર કરવામાં આવશે.

(૬) અંદાજીત ખર્ચના પત્રકમાં MDPE પાઈપલાઈન, સેડલપીસ, ફેરૂલ કોક, કોમ્પ્રેસીવ ફીટીંગ, બોલ વાલ્વનો સમાવેશ કરવામાં આવશે. જેની કિંમત તથા મજુરી ખર્ચ ૨૪×૭ ના અધિકૃત સર્વિસ પ્રોવાઈડરને શીડયુલ-'બી' માં (પરિશિષ્ટ-૫ અને ૬, ફાઈલના પાના નં. ૧૧ થી ૧૩) જણાવેલ ચુકવવાપાત્ર રકમ મુજબ જણાવવામાં આવશે. જેમાં રસ્તા ખોદાણ ચાર્જ, બોરીંગ ફી, પ્રિમિયમની રકમ તથા ૭% લેખે સુપરવીઝન ચાર્જ જણાવવામાં આવશે.

(૭) ઉપર મુજબ અંદાજ તૈયાર થયેથી ૨૪×૭ ના અધિકૃત સર્વિસ પ્રોવાઈડરના પર્સનની સહી કરાવી જે-તે કનેકશન હોલ્ડરને પહોંચાડવામાં આવશે. જે અંગેની તમામ વિગતો સામેલ કરવામાં આવશે. (ફાઈલના પરિશિષ્ટ-૫ અને ૬ મુજબ)

(૮) આ અંગે સુરત મહાનગરપાલિકાનાં ૨૪×૭ ના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર ધ્વારા MDPE પાઈપનો ઉપયોગ કરી, સેડલ પીસ લગાવી કનેકશન કરી આપવામાં આવશે. જેથી હાઉસ કનેકશનને કાટ લાગવાને કારણે સડી જઈ ઉદ્દભવતા કોન્ટામીશનના પ્રશ્નો હલ કરી શકાય. આ માટે સુરત મહાનગરપાલિકા ૨૪×૭ ના ધોરણે પાણી પુરવઠો પુરો પાડવા માટે આપવામાં આવનાર નવા નળ કનેકશનની નીતિમાં અરજદાર પાસે આ અંગે જણાવેલ ભાવે ચાર્જ વસુલ લેશે.

(૯) અરજદારે અંદાજની રકમ મહાનગરપાલિકાના જે-તે ઝોનમાં કે સીવીક સેન્ટરો પર જમા કરાવવાની રહેશે.

(૧૦) અરજદાર તરફથી આવા નાણા જમા કરાવ્યાની રસીદ ૨૪×૭ ના અધિકૃત સર્વિસ પ્રોવાઈડરની કોસાડ ખાતે આવેલ ઓફિસ પર જમા કરાવ્યેથી ૨૪×૭ ના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર તરફથી અરજદારને ઉપરોકત ક્રમ નં.૬ માં જણાવ્યા મુજબ નળજોડાણની કામગીરી કરી આપવામાં આવશે અને સ્થળ પર થયેલ કામ મુજબ તેનું ઓટોકેડ ડ્રોઈંગ તૈયાર કરવામાં આવશે.

(૧૧) ઓટોકેડ ડ્રોઈંગ મુજબ ઉપયોગમાં લેવાયેલા માલસામાનનું ખર્ચ પત્રક તૈયાર કરવામાં આવશે. જેની એક નકલ કનેકશન લેનારને તથા એક નકલ હાઈડ્રોલિક વિભાગને મોકલી આપવામાં આવશે.

(૧૨) અંદાજીત રકમ અને ખરેખર વપરાયેલ માલસામાન, મજૂરી ખર્ચ મુજબની રકમમાં જે તફાવત (વધ-ઘટ) આવે તે અરજદારના પાણી વપરાશના પ્રથમ બીલમાં સરભર કરવામાં આવશે.

(૧૩) આ કામના ઈજારદાર ધ્વારા મીટર રીડીંગ તથા બીલીંગની કામગીરી કરવાની હોય ઉપરોકત ક્રમ નં.૧૨ ની કામગીરી તેઓ તરફથી કરવાની રહેશે.

(૧૪) અરજદારને નળજોડાણ આપ્યા બાદ તેની જાણ સંબંધિત ઝોનનાં એસેસમેન્ટ અને રીકવરી વિભાગને નોંધણી માટે મોકલી આપવામાં આવશે.જેથી નળજોડાણ થયું હોવા અંગેનો રેકર્ડ થઈ શકે.

(૧૫) આ કામે નળજોડાણ ઉપર મુકવા જોગ મીકેનીકલ વોટર મીટર મહાનગરપાલિકા પુરા પાડશે. જેની જે–તે સમયની ખરીદ કિંમત તથા ૫% સ્ટોર ચાર્જ અરજદાર પાસેથી વસુલ કરવામાં આવશે. (હાલની ખરીદ કિંમત ફાઈલના પાના નં.૧૯/એ ઉપર સામેલ પત્રક મુજબ છે.)

(૧૬) હાલની પ્રથા મુજબ સોસાયટીના આંતરીક રસ્તાઓ પાણી પુરવઠાની નળીકા નાખવાની કામગીરી સુરત મહાનગરપાલિકાના નીતિ નિયમો મુજબ લોકફાળો ભર્યેથી અગ્રીમતા ધોરણે જે તે ઝોન કચેરી મારફત તાકીદે પૂર્ણ કરી તેની હાઈડ્રોલિક ખાતાને નકશા સહીતની જાણ કરવાની રહેશે.

(૧૭) રીઝર્વેશન /સંપાદન ન હોવા બાબતે અરજદાર પાસેથી બાંહેધરી લેવામાં આવશે. આમ છતાં કોઈ રીઝર્વેશન/સંપાદનની અસરના કિસ્સામાં કોઈપણ જાતના દાવા/કોર્ટ પ્રકરણ ઉપસ્થિત કર્યા સિવાય મિલ્કતદારે પોતાના ખર્ચે અને જોખમે નળ–જોડાણ દુર કરવા /કરાવવાનું રહેશે અને સુરત મહાનગરપાલિકાના બાકી લેણા નાણા દિન –૭ માં જમા કરાવવાના રહેશે.

(૧૮) નળ–જોડાણ આપવાની કામગીરી હાલમાં વિવિધ ઝોન કક્ષાએ કરવામાં આવે છે કારણ કે નાગરીકોને નળજોડાણની પ્રાથમિક સુવિધા લેવામાં સરળતા રહી શકે. આ પ્રથા મુજબ જો આ તમામ કામગીરી હાઈડ્રોલિક વિભાગ ધ્વારા કરવાની રહે છે. તે માટે ઝોન કક્ષાએ થતી કામગીરી બાબતનો અનુરૂપ સ્ટાફ ફાળવી એક અલાયદા સેલની રચના કરવાની રહે અને તે માટે નીચે મુજબના સ્ટાફની નિમણુંક કરવાની રહેશે.

લીકેજ ઈન્સ્પેકટર–૩

આકારણી કલાર્ક –૩

રીકવરી કલાર્ક –૨

તેમજ જરૂરી ટેકનીકલ કેડરના સ્ટાફ ફાળવણી કરવાની રહેશે.

(૧૯) પ્રવર્તમાન નિયમો અનુસાર આઈ.સી.ના નાણાંની ભરપાઈ થવાનો આગ્રહ રાખ્યા સિવાય નળ –જોડાણ આપવાનું રહેશે.

(૨૦) કોઈ જગ્યાએ ગેરકાયદેસર નળજોડાણ હોવાનું જણાશે તો, ૨૪×૭ અમલીકરણ ઈજારદાર મારફત સુરત મહાનગરપાલિકાની મંજુરી મેળવી તથા નિયમો મુજબનો ચાર્જ વસુલ કરી સદર નળજોડાણ રદ કરવાનું રહેશે.

(૨૧) કોઈ જગ્યાએ હયાત નળજોડાણ હશે પરંતુ તે જી.આઈ./ડી.આઈ. કે અન્ય કોઈ મટીરીયલ્સના પાઈપનો ઉપયોગ કરેલ હોવાનું માલુમ પડશે તો, ૨૪×૭ ના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર મારફત તે દુર કરી મંજુર ટેન્ડરમાં જણાવ્યા મુજબના મટીરીયલ્સનો ઉપયોગ કરી નવું નળજોડાણ આપવાનું રહેશે.

(૨૨) નળજોડાણ ધારક જો બીલના નાણા ન ભરતા હોય તો સુરત મહાનગરપાલિકા ધ્વારા જાણ કર્યેથી ૨૪×૭ ના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર મારફત સદર નળજોડાણ રદ કરવાનું રહેશે.

(૨૩) આ નીતિ–નિયમો મંજુર થયેથી સુરત શહેરના અન્ય વિસ્તારોમાં પણ, જયાં ૨૪×૭ પાણી પુરવઠાનો અમલ કરવાનો થાય ત્યાં પણ નીતિ તરીકે તેનો અમલ કરવામાં આવશે.

આ ઉપરાંત હાલમાં સામાન્ય સભા ઠરાવ નં.૭૩/૨૦૧૦, તા.૨૦–૩–૨૦૧૦ મુજબ વોટર મીટરના નાણાં ૭૨ હપ્તે વસુલ કરવાની નીતિ નકકી કરવામાં આવી છે. પરંતુ ૨૪×૭ ના કિસ્સામાં વોટર મીટરની કિંમતમાં ૫% વહીવટી ચાર્જ ઉમેરી તેમાં મીટર ઈન્સ્ટોલેશન ચાર્જ ઉમેરી થતી રકમ હપ્તા લેખે ૧૨ બીલમાં વસુલી લેવી. જો કોઈ કનેકશન હોલ્ડર આ રકમ એક સાથે ભરવા તૈયાર હોય તો તે મુજબના નાણાં વસુલી લઈ તેના બીલમાં હપ્તા લેવાના રહેશે નહીં તેમજ વોટર મીટરના દરેક બીલમાં વોટર મીટર કનેકશન (મીટર સહીત) મેઈન્ટેનન્સ પેટે રૂા.૪૦/– તેમજ આગામી નાણાંકીય વર્ષથી ૫% પ્રમાણે વર્ષોવર્ષ ઉમેરીને બીલમાં વસુલ લેવાના રહેશે. હાલમાં સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૫૭૮/૨૦૧૨, તા.૩–૮–૨૦૧૨ થી જુદી જુદી સાઈઝના વોટર મીટરો જે ભાવે ખરીદવામાં આવ્યા તે રકમને મીટર કિંમત તરીકે ગણવાની રહેશે. ભવિષ્યમાં જે વોટર મીટર ખરીદવામાં આવે અને તે માટે સ્થાયી સમિતિ જે ભાવો મંજુર કરે તે ભાવો ગણતરીમાં લેવામાં રહેશે.

સુરત મહાનગરપાલિકા તેના ઝડપી વિકાસની સાથે સાથે નાગરીકોને ઘર આંગણે ઉત્તમ સેવા મળી રહે તે માટે અન્ય શહેરોની સરખામણીમાં પણ ખૂબ આગળ છે. ૨૪×૭ નો પ્રયાસ સુરત મહાનગરપાલિકા માટે પ્રથમ વખત છે. માટે આ કામે કોઈ પ્રશ્ન કે વિસંગતતા પણ ઉભી થવાની શકયતા રહેલી છે. તેથી તેના ઝડપી નિરાકરણ અને અમલ માટે જે તે નીતિ નિયમોમાં સંજોગોવસાત આંશિક ફેરફાર કરવા પડે તો તેનો તાકીદે અમલ કરી શકાય તે માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

<u>ઠરાવ નં.૧૬૩૭/૨૦૧૩ સર્વાનુમતે મંજુર.</u>

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

**ઈ.ચા.સેક્રેટરી વતી,**
**સુરત મહાનગરપાલિકા,**
**તા.૨૫-૧૧-૨૦૧૩.**

*Satish...*

**Received On**
**Dt.** 25/11/13

નં. સી.સા.સ./ઠ/ ૧૩૪૮
તા. ૨૬/૧૧/૨૦૧૩

CE
26/11/2013

CE 26/11/13

All DE/AE/JE/Dy.Acctt/PA/SO

H.E. 28/11

HED / IN ૯૦૫
DATE : ૨૮/૧૧/૧૩.

## સુરત મહાનગરપાલિકાની તા.૨૯–૨–૨૦૧૬ ના રોજ મળેલ

## માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–

* * * * * * *

સ્થાયી સમિતિ ઠરાવ નં.૩૭૨/૨૦૧૬ થી ભલામણ કર્યા મુજબ, સુરત શહેરમાં પ્રાથમિક સુવિધા પૈકી પાણીની સુવિધા પુરી પાડવા માટે સામાન્ય સભાના તા.૧૮–૧૦–૨૦૧૪ ના ઠરાવ નં.૧૨૩૪/૨૦૧૪ અનુસાર ઠરાવેલ કટ ઓફ ડેઈટ લંબાવવા તથા તા.૩૧–૩–૧૪ સુધીના ગેરકાયદેસર નળજોડાણ કાયદેસર કરવા અંગેની ચોકકસ સમયમર્યાદા માટેની ખાસ સ્કીમમાં સુધારો કરવા અંગે નીચે જણાવેલ નિર્ણયો લેવાનું ઠરાવવામાં આવે છે.

(૧) **કટ ઓફ ડેટ લંબાવવા બાબત :–**

મિલકતદારની મિલકત આકારણી દફતરે તા.૩૧/૦૩/૨૦૧૪ બાદ દાખલ થયેલ હોય તેમજ મહાનગરપાલિકાની પાણી સુવિધા સ્થળ ઉપર મેળવેલ ન હોય અને તા.૩૧/૦૩/૨૦૧૪ ની કટ ઓફ ડેઈટને કારણે વંચિત રહી ગયા હોય તેવા મિલકતદારને સામાન્ય સભાના ઠરાવ નં.૨૫૭/૨૦૦૫, તા.૨૯/૦૩/૨૦૦૫ અનુસાર પ્રિમીયમની રકમ ડીપોઝીટ તરીકે વસુલ લઈ નળજોડાણ આપવા માટેની કટ ઓફ ડેઈટ તા.૩૧/૦૩/૨૦૧૪ રાખવામાં આવેલ હોય જે ઉકત કારણોસર પાણીના નળજોડાણ પ્રિમીયમ વસુલ લઈ (બીલ્ડીંગ યુઝ/વસવાટની પરવાનગી વગરના બાંધકામો) આપવા અંગેની મંજૂર કરવાની કટ ઓફ ડેઈટ તા.૩૧/૦૩/૨૦૧૫ (એટલે કે તા.૩૧/૦૩/૨૦૧૫ સુધી આકારણી દફતરે દાખલ થયેલ મિલકત) સુધી લંબાવવા મંજુરી આપવી.

(૨) **ગેરકાયદેસર/ ભૂતીયા નળજોડાણોને કાયદેસર કરવા અંગેની એક ખાસ સ્કીમ :–**

અધિકતમ ગેરકાયદેસર/ભૂતિયા નળજોડાણ કાયદેસર કરવાના હેતુથી સ્વતંત્ર એકમ તથા પાર્કીગ ફલોર સિવાયના મહતમ ચાર માળના ફલેટ / એપાર્ટમેન્ટ પ્રકારના બાંધકામનો ઉપયોગ ફકત રહેઠાણ હેતુથી થતો હોય તેવા બાંધકામોના તા.૩૧/૦૩/૨૦૧૫ સુધીનાં ગેરકાયદેસર (બિનઅધિકૃત) નળજોડાણો સ્થાયી સમિતિ ઠરાવ નં.૬૦૫/૯૭, તા.૨૭/૦૩/૯૭ અનુસાર ઠરાવેલ નીતિઓ મુજબ ચાર્જ/દરો/દંડની રકમ તથા સામાન્ય સભાના ઠરાવ નં.૨૫૭/૨૦૦૫, તા.૨૯/૦૩/૨૦૦૫ મુજબ પ્રિમીયમની રકમ મળી કુલ રકમ ડીપોઝીટ એકાઉન્ટ ખાતે તેમજ અન્ય ચાર્જીસ જે તે બજેટહેડ ખાતે જમા લઈ કનેકશન તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીના સમયગાળા સુધી કાયદેસર કરી આપવાનું તથા મુદ્દત વિત્યે કટ ઓફ ડેઈટ તા.૩૧/૦૩/૨૦૧૫ સુધીનાં નળજોડાણ કાયદેસર ન કરાવનાર એટલે કે તા.૩૧/૦૩/૨૦૧૫ સુધી આકારણી દફતરે નોંધાવેલ મિલકત માટે અગાઉની નીતિ અનુસાર સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૩૧૩, તા.૧૩/૦૯/૧૯૯૦, સ્થાયી સમિતિ ઠરાવ નં.૬૦૫/૯૭, તા.૨૭/૦૩/૯૭ તથા સામાન્ય સભા ઠરાવ નં.૨૫૭/૦૫, તા.૨૯/૦૩/૦૫ તથા આનુસાંગિક વખતોવખત થતા ફેરફાર મુજબની નીતિ અમલમાં રાખવી.

**(૩) પાંડેસરા જી.આઈ.ડી.સી તેમજ અન્ય ઈન્ડસ્ટ્રીઝ/ કોમર્શીયલ મિલ્કતો ની કટ ઓફ ડેઈટ લંબાવવા બાબત.**

સુરત શહેરમાં આવેલ પાંડેસરા જી.આઈ.ડી.સી. તેમજ શહેરના અન્ય વિસ્તારમાં આવેલ વોટર બેઈઝ ઈન્ડસ્ટ્રીઝ તેમજ નોન વોટર બેઈઝ ઔદ્યોગિક એકમો અને અન્ય કોર્મશીયલ મિલ્કતોમાં પણ સામાન્ય સભા ઠરાવ નંબર ૨૯૭/૨૦૧૧, તા.૩૦/૦૫/૨૦૧૧ ની જોગવાઈઓને આધીન જરૂરી વહીવટી પ્રક્રિયા પુર્ણ કરી નળજોડાણ આપવાનું મંજુર કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું તેમજ સદર જોગવાઈની કટ ઓફ ડેઈટ તા.૩૧–૩–૨૦૧૫ રાખવી.

**ઠરાવ નં.૨૫૮/૨૦૧૬ સર્વાનુમતે મંજુર.**

==========================================

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

ઈ.ચા.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા. ૭–૩–૨૦૧૬.

S.De'Sai..

HED/IN/NO. 880
DATE: 8/3/16

Intimate to all zones/Industries

8/3/16
ACE (ele & mech)
-3-16

Received On
Dt. 8/3/16

નં. સી.આ.સ./ક/9903
તા. 8/3/2016

H. E.

તમામ ડે.ઈ./ ઝોનના તમામ ઝોનલ એક્ઝિક્યુટીવ ને જાણ કરવી

D.E.(D)
H.E.
10/3

## સુરત મહાનગરપાલિકાની તા.૨૯-૬-૨૦૧૫ ના રોજ મળેલ માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:-

* * * * * * *

સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૫૯૭/૨૦૧૫ થી ભલામણ કર્યા મુજબ, સુરત શહેરના નવા નોર્થ ઝોન વિસ્તારમાં ૨૪ × ૭ ના ધોરણે (મોટાવરાછા, ઉત્રાણ, અમરોલી, કોસાડ, છાપરાભાઠા, વરીયાવ વિગેરે) પાણી પુરવઠાના તમામ નળ જોડાણો મીટરના દરથી આપવા અંગે સામાન્ય સભાના તા.૨૨-૧૧-૨૦૧૩ ઠરાવ નં.૧૬૩૭/૨૦૧૩ થી મંજુર થયેલ નીતિમાં નીચે મુજબના ફેરફાર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | હયાત પોલીસીમાં દર્શાવ્યા મુજબના મુદ્દા | ફેરફાર સાથેની પોલીસીના મુદ્દા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| (૧) | ન્યુ.નોર્થ ઝોન એટલે કે, (મોટા વરાછા, ઉત્રાણ, અમરોલી, કોસાડ, છાપરાભાઠા, વરીયાવ વિગેરે) ના રહીશો નળજોડાણ મેળવી ૨૪×૭ યોજનાનો લાભ લઈ શકે તે હેતુથી જરૂરી પુરાવાઓ સાથે અરજી કરનાર અરજદારોને વોટર મીટર કનેકશન ચાર્જ પેટે જરૂરી નાણાંની પૂરેપૂરી રકમ એક સાથે ભરવાની રહે છે. | પાણી પુરવઠાની ૨૪ × ૭ ના ધોરણની યોજના સંદર્ભે ફકત રહેઠાણ માટેના જે તે સાઈઝના કનેકશન માટે દર્શાવેલ રકમ (પ્રિમીયમ સાથે/વગર) બાબતે ન્યુ.નોર્થ ઝોન એટલે કે, (મોટા વરાછા, ઉત્રાણ, અમરોલી, કોસાડ, છાપરાભાઠા, વરીયાવ વિગેરે) ના રહીશો નળજોડાણ મેળવી ૨૪×૭ યોજનાનો લાભ લઈ શકે તે હેતુથી જરૂરી પુરાવાઓ સાથે અરજી કરનાર અરજદારોને વોટર મીટર કનેકશન ચાર્જ પેટે જરૂરી નાણાં એક સાથે ન ભરતાં, તેઓના વોટર મીટર કનેકશન માટેના અંદાજીત ખર્ચના નાણાં તેઓને ઈસ્યુ કરવામાં આવતા વોટર મીટર બીલમાં (વોટર મીટર અંગનો ખર્ચ જેવી રીતે હાલમાં વસુલ કરવામાં આવે છે તેવી જ રીતે એટલે કે) - એક સરખા દ્વિ-માસિક ૧૨(બાર) હપ્તા એટલે કે, કુલ ૨૪ (ચોવીસ) માસમાં વસુલવાના રહેશે. સદર હપ્તા પર સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ વ્યાજ વસુલ કરવાનું રહેશે નહી. આમ કરવાથી નાગરિકોને વોટર મીટર કનેકશન માટેના અંદાજીત ખર્ચના નાણાં એકી સાથે ભરવામાંથી મુકિત મળી શકશે અને તેઓ નળજોડાણ લેવા માટે પ્રોત્સાહિત થશે.<br>હાલમાં જે નાગરિકોને આ યોજનાનો લાભ મળવાનો શરૂ થયો છે એટલે કે, જે નાગરિકોએ વોટર મીટર કનેકશનના અંદાજીત ખર્ચના પૂરેપુરા નાણાં જમાં કરાવેલ છે તેઓને આ પ્રકારના હપ્તાનો લાભ મળી શકશે નહી અને આ નિતી મંજુર થયાની તારીખથી તે મુજબનો લાભ મળી શકશે.<br>સુરત શહેરમાં વર્ષ ૨૦૦૬ માં સમાવિષ્ટ તમામ નવા વિસ્તારો કે જયાં પાણી પુરવઠાની યોજનાઓ ૨૪ × ૭ ના ધોરણે હાથ ધરાયેલ છે તેવા વિસ્તારના જે રહીશો હવે આ નીતિ મંજુર થયા બાદ નળ જોડાણ માટે તા.૩૧-૦૩-૨૦૧૬ સુધીમાં અરજી કરે તો તેઓને પ્રિમિયમની અને રસ્તા ખોદાણની રકમમાં ૫૦% રાહત આપવાની રહેશે. સદર રાહતનો લાભ તા.૩૧-૦૩-૨૦૧૬ બાદ આપોઆપ રદ ગણવાનો રહેશે.<br>સદર નીતિનો લાભ માસિક સાધારણ સભાના તા.૧૮-૧૦-૨૦૧૪ ના ઠરાવ નં.૧૨૩૪/૨૦૧૪ ને આધિન સ્વતંત્ર એકમો/પાર્કિંગ ફલોર સિવાયના મહત્તમ ચાર માળના લો-રાઈઝ રહેઠાણના મકાનો માટે આપવાનો રહેશે. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| (૨) | ગામતળ વિસ્તારોનાં રહીશો પાસે નળજોડાણ અંગેનો સંપૂર્ણ ખર્ચ, બી.યુ.સી., પ્રિમીયમ, રસ્તા ખોદાણ ચાર્જ વિગેરે વસુલ કરવાના રહે છે. | પાણી પુરવઠાની ૨૪ × ૭ ના ધોરણની યોજના સંદર્ભે સુરત મહાનગરપાલિકાના પ્રવર્તમાન ધોરણો મુજબના ગામતળ વિસ્તારોનાં રહેવાસીઓ/નાગરિકોને તેઓના હયાત નળજોડાણના પુરાવાઓ રજુ કર્યેથી ટ્રાન્સફર નળજોડાણ તરીકે, નળજોડાણ અંગેનો સંપૂર્ણ ખર્ચ, (પ્રિમીયમ / રસ્તા ખોદાણ ચાર્જ વગર) ઉપરોકત મુદ્દા નં.(૧) મુજબ ભરપાઈ કરાવી નળજોડાણ કરી આપી, વોટર મીટર અંગેના બીલ ઈસ્યુ કરી નિયમ અનુસાર તેની વસુલાત કરવામાં આવશે.<br><br>ગામતળ વિસ્તારમાં જે રહેવાસીઓ પાસે તેઓના હયાત નળજોડાણના પુરાવા ઉપલબ્ધ ન હોય તો તેવા કિસ્સામાં તા.૩૧–૩–૨૦૧૬ સુધીમાં અરજી કરે તો પ્રિમિયમ અને રસ્તા ખોદાણ ચાર્જમાં ૫૦% રાહત આપવાની રહેશે.<br><br>ગામતળ સિવાયના વિસ્તારો કે જેમાં જીલ્લા પંચાયત/નગર પાલિકા/સ્થાનિક સ્વરાજની સંસ્થા/ ગામ પંચાયત/ સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી/ગુજરાત પાણી પુરવઠા બોર્ડ ધ્વારા કાયદેસરના નળજોડાણ આપવામાં આવેલ હોય અને તેના પુરાવા રજુ કર્યેથી તેઓનું નળજોડાણ પણ ટ્રાન્સફર કનેકશન તરીકે ગણવાનું રહેશે અને તેવા કિસ્સામાં પ્રિમિયમ/રસ્તા ખોદાણ ચાર્જ વસુલ કરવાનું રહેશે નહિં. |
| (૩) | હાલમાં સામાન્ય સભા ઠરાવ નં.૨૦૩/૨૦૧૫, તા.૧૯/૦૨/૨૦૧૫ (બજેટ મંજુરી) મુજબ જયાં સુધી સંપૂર્ણ રીતે ૨૪×૭ ધોરણે પાણી પુરવઠો આપવામાં આવે ત્યાં સુધી મર્યાદીત સમયગાળા માટે ૧/૨" માટે વોટર અને સુઅરેજ ચાર્જ લેવામાં આવે છે. વોટર મીટર બીલ ઈસ્યુ કરવામાં આવતા નથી. | પાણી પુરવઠાની ૨૪ × ૭ ના ધોરણની યોજના સંદર્ભે વોટર મીટર સહિતનું નળજોડાણ રહેવાસીઓ/નાગરિકોને આપ્યેથી તથા જે દિવસથી પાણી પુરવઠો શરૂ કરવામાં આવે તે જ દિવસથી મીટર રીડીંગ અને બીલીંગ શરૂ કરવાનું રહેશે. જે રીડીંગ બીલીંગ માટે ઝોન લેવલે વ્યવસ્થા ગોઠવવાની રહેશે.<br><br>સદર બાબતે આ નીતિ મંજુર થયાની તારીખ પહેલા જે નળ જોડાણો આપવામાં આવેલ હોય, તેવા નળ જોડાણો માટે વેરાબિલમાં વોટર અને સુઅરેજ ચાર્જ વસુલ કરવામાં આવતો હોય, તેવા નળ જોડાણો માટે વોટર બિલ અંગેના બિલો ઈસ્યુ થયેથી સદર નીતિ મંજુર થયાના અગાઉના માસ સુધીનો વોટર તથા સુઅરેજ ચાર્જ બાદ આપવાનો રહેશે.<br><br>ઉપર મુજબ વોટર મીટર અંગેની નિર્ધારીત કિંમત, મેઈન્ટેનન્સ વિગેરે માટે હાલની પ્રથા મુજબ ૧૨(બાર) દ્વિ–માસિક બીલમાં એટલે કે કુલ ૨૪ (ચોવીસ) માસમાં વસુલ લેવામાં આવશે. જે વિસ્તારમાં હાલમાં ૨૪×૭ પાણી પુરવઠાના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર નિયુકત થયેલ ન હોય, તે વિસ્તારમાં હપ્તા, રીડીંગ બીલીંગ માટે ઝોન લેવલે વ્યવસ્થા ગોઠવવાની રહેશે.<br><br>વધુમાં જે નળ જોડાણ ધારકોએ વોટર મીટર અંગેના ખર્ચના નાણાં પૂરેપૂરા ભરી દીધા હોય, તેવા જોડાણ ધારકોને ૧૨ (બાર) દ્વિ–માસિક હપ્તાનો લાભ મળશે નહિ. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| (૪) | ૧/૨" વ્યાસના નળજોડાણ મેળવવા માટે અરજી કરનાર નાગરિકોને નળ જોડાણ માટે આપવામાં આવતા અંદાજપત્રમાં વોટર મીટર માટેના મેશનરી ચેમ્બરના ખર્ચનો સમાવેશ કરવાનો રહે છે અને મેશનરી ચેમ્બર બનાવવું પડે છે. | પાણી પુરવઠાની ૨૪ × ૭ ના ધોરણની યોજના સંદર્ભે (૧) હાલની મંજુર નિતી મુજબ ૧/૨" વ્યાસના નળજોડાણ માટેની મેશનરી ચેમ્બરની આઈટમ અંદાજમાંથી રદ્દ કરવામાં આવે છે.<br>(૨) ૧/૨" વ્યાસના નળજોડાણ માટેના મેશનરી ચેમ્બરની આઈટમના વિકલ્પરૂપે યોગ્ય પ્લાસ્ટીક મટીરીયલના વોટર મીટર બોક્ષ બેસાડવાના રહેશે અને તેની ટેકનીકલ વિગતો, સ્પેસીફીકેશન, ભાવો વિગેરે જાહેર ટેન્ડરો મંગાવીને નકકી કરવાના રહેશે અને તે મુજબના વોટર મીટર બોક્ષના ખર્ચનો અંદાજમાં સમાવેશ કરવાનો રહેશે.<br>આમ, ૧/૨" વ્યાસના નળજોડાણ માટેના કુલ ખર્ચમાં ઘટાડો થતાં નાગરિકોને તેનો લાભ થશે.<br>(૩) જયાં સુધી વોટર મીટર બોક્ષના ભાવો નકકી ન થાય ત્યાં સુધી ૧/૨" વ્યાસના નળજોડાણો માટે આપવામાં આવતા અંદાજમાં વોટર મીટર બોક્ષ (ખરીદી, ફીટીંગ મેઈન્ટેનન્સ વિગેરે સહિત) પેટે રૂા.૧૫૦૦/– નો ખર્ચ ગણતરીમાં લેવામાં આવશે.<br>(૪) આ યોજના હેઠળ ૧/૨" વ્યાસથી મોટી સાઈઝના વોટર મીટર કનેકશન માટે હાલની મંજુર નિતી/ટેન્ડર મુજબ મેશનરી ચેમ્બર બનાવવાના રહેશે અને તેનો ખર્ચ નાગરિકો પાસે વસુલ કરવાનો રહેશે. |

ઉપરોકત મંજુર થયેલ ફેરફાર સિવાય સામાન્ય સભાના તા.૨૨–૧૧–૨૦૧૩ ના ઠરાવ નં.૧૬૩૭/૨૦૧૩ થી મંજુર કરાયેલ તમામ મુદ્દાઓ યથાવત રહેશે અને આ નીતિ–નિયમો મંજુર થયેથી સુરત શહેરના તમામ વિસ્તારોમાં પણ, જયાં ૨૪ × ૭ પાણી પુરવઠોનો અમલ કરવાનો થાય ત્યાં પણ સુધારેલ નીતિનો અમલ કરવાનો રહેશે.

HED/IN/No.30
DATE: 7/7/15

પોલીસી ફાઈલ
નં. 930.

**ઠરાવ નં.૯૧૩/૨૦૧૫ સર્વાનુમતે મંજુર.**

**સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,**

HE
Report to Commissioner
ACE (Ele & mech)
-7-15

Received On
Dt. 2/7/15

**ઈ.ચા.સે કે ટ રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**તા.૨–૭–૨૦૧૫.**

3/7
H.E

All DE/Dy.Acctt/AE/JE/PA

Jariwala Mukesh R.

નં. સી.સા.સ./ક/ ૫૫૫
તા. 7/2015

AE S. Savalia
08/07/2015